સામાયિક મૂલ્યાંકન કસોટી

ધોરણઃ 8 | વિજ્ઞાન | ઓગષ્ટ, 2020

સમય-1 કલાક | કુલ ગુણઃ 25

(અ. નિ. - અધ્યયન નિષ્પત્તિ - Learning Outcome)

અ.નિ. પદાર્થ અને સજીવોને તેમના ગુણધર્મ, રચના અને કાર્યના આધારે જુદા પાડે છે.

પ્રશ્ન- 1 નીચે આપેલ ગુણધર્મની સામે તે ગુણધર્મ ધરાવતા સંશ્લેષિત રેસાનું નામ લખો **(05)**

1. મજબૂત, સ્થિતિસ્થાપક અને હળવા હોય છે. ચમકદાર અને સરળતાથી ધોઈ શકાય તેવા હોવાથી કાપડ બનાવવામાં ઉપયોગી છે.
2. લાકડાના માવામાંથી બનાવવામાં આવે છે અને કપાસ સાથે વણી ચાદર અને ઉન સાથે વણી ચદ્દાઈ બનાવવામાં આવે છે.
3. આ રેસામાંથી બનતું કાપડ સહેલાઈથી ચોળાઈ જતું નથી. તે કડક રહે છે અને ધોવામાં સરળ છે. તેથી પહેરવાનાં કપડાં બનાવવામાં ઉપયોગી છે.
4. શિયાળામાં પહેરવામાં આવતાં સ્વેટર બનાવવામાં ઉપયોગી છે. કુદરતી રેસા ઉન કરતાં સસ્તું છે.
5. તેના ખૂબ જ પાતળા રેસા બનાવી શકાય છે અને તેને અન્ય કોઈ પણ તાંતણાની માફક વણી શકાય છે.

અ.નિ. શીખેલા વૈજ્ઞાનિક ખ્યાલોને રોજિંદા જીવનમાં લાગુ કરે છે.

પ્રશ્ન-2 નીચેના પ્રશ્નના જવાબ આપો.

1. તમારા ઘરે ૫૦ કિલો ઘઉં લાવવામાં આવેલ છે. આ ઘઉંને સાચવવા માટે તમે શું કરશો? **(02)**
2. તમારા ઘરમાં ધાતુ પદાર્થ (કોઈ પણ એક) અને અધાતુ પદાર્થ (કોઈ પણ એક) નો ઉપયોગ ક્યાં અને કેમ થયો છે તે જણાવો. **(02)**
3. ખેતરમાં બીજની વાવણી કરવાની છે તો તમે તે માટે કયું ખેત ઓજાર પસંદ કરશો? **(01)**

અ.નિ. પ્રક્રિયા અને ઘટનાને સમજાવે છે.

પ્રશ્ન-3 નીચેના પ્રશ્નોના જવાબ આપો

1. લણણીની પ્રક્રિયા સમજાવો **(02)**
2. સલ્ફર ડાયોક્સાઈડમાં પાણી ઉમેરી તેમાં ભૂરું લીટમસપત્ર નાખતાં તે કેમ લાલ થઈ જાય છે? **(01)**
3. કસનળીમાં મંદ સલ્ફ્યુરિક એસિડ લઇ તેમાં મેગ્નેશિયમ ધાતુના થોડા ટુકડા નાખી કસનળીના મોંને સળગતી મીણબત્તી નજીક લઇ જતાં કેમ ધડાકો થાય છે? **(01)**
4. એક બીકરમાં કોપર સલ્ફેટનું દ્રાવણ લઇ તેમાં લોખંડની ખીલી નાખી થોડા સમય પછી બીકરમાં કોપર સલ્ફેટના દ્રાવણનો રંગ કેમ બદલાયેલો જોવા મળે છે? **(01)**

અ.નિ. પ્રક્રિયા અને ઘટનાને કારણ સાથે જોડે છે.

પ્રશ્ન-4 કારણો આપો

1. શિશુ અને બાળકોને રસી કેમ મૂકવામાં આવે છે? **(02)**
2. મેલેરિયાથી બચવા આપણે આપણી આસપાસ લાંબો સમય એક જ સ્થાન પર પાણીને એકત્ર થવા દેવું જોઈએ નહિ. **(02)**
3. પાણીના અછતવાળા વિસ્તારમાં ટપક પદ્ધતિ વરદાન રૂપ છે. **(01)**

અ.નિ. પ્રશ્નનો જવાબ મેળવવા સરળ તપાસ હાથ ધરે છે.

પ્રશ્ન- 5 નીચેના પ્રશ્નોના જવાબ આપો

1. તમારા ઘરમાં ખોરાકનો લાંબો સમય સંગ્રહ કરવા કઈ કઈ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવેલ છે તેની તપાસ હાથ ધરી નોંધ તૈયાર કરો. **(03)**
2. બ્રેડમાં કે ફળમાં હાનિકારક સૂક્ષ્મજીવો ઉત્પન્ન થયા છે તે તમે કેવી રીતે નક્કી કરશો? **(02)**

સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણ - 8 | વિજ્ઞાન | જાન્યુઆરી,2021

સમય: 1 કલાક | કુલ ગુણ : 25

(અ.નિ. અધ્યયન નિષ્પત્તિ- Learning Outcome)

અ.નિ. પદાર્થ અને સજીવોને તેમનાં ગુણધર્મો, રચના અને કાર્યના આધારે જુદા પાડે છે.

પ્રશ્ન- 1 નીચે જણાવેલ ઘટનામાં સંપર્કબળ જવાબદાર છે કે અસંપર્કબળ જવાબદાર છે તે જણાવો. (5)

(1) કાજલ ટેબલને ધક્કો મારી ટેબલનું સ્થાન બદલે છે.

(2) નિમિષા બે ફુગ્ગાને કાગળ વડે ઘસી એક ફુગ્ગાને બીજા ફુગ્ગાની નજીક લઈ જતા બીજો ફુગ્ગો પહેલા ફુગ્ગાથી દૂર ખસે છે.

(3) અનિલ એક ચુંબકને કાચની સપાટી પર મૂકી બીજા ચુંબકને કાચની સપાટી પર મુકેલ ચુંબકની નજીક ધીમે ધીમે લઈ જતાં કાચની સપાટી પર મૂકેલ ચુંબક પાછળ તરફ ખસે છે.

(4) નયના પાણી ભરેલ ડોલ ઉંચકે છે.

(5) રબરનો દડો ટેબલ પરથી નીચે પડે છે.

અ.નિ. પ્રશ્નોના જવાબ મેળવવા માટે સરળ તપાસ હાથ ધરે છે.

પ્રશ્ન- 2 માગ્યા મુજબ જવાબ આપો.

(1) આપણે કાન વડે શા કારણે સાંભળી શકીએ છીએ? (2)

(2) રોજબરોજની ક્રિયાઓમાં દબાણ ઘટાડવા માટે તમે કઈ કઈ યુક્તિઓ અજમાવો છો? (3)

અ.નિ. પ્રક્રિયા અને ઘટનાને કારણો સાથે જોડે છે.

પ્રશ્ન- 3 વૈજ્ઞાનિક કારણો આપો.

(1) આપણે જંકફૂડ કે પેકિંગફૂડને નિયમિત ભોજન તરીકે ન લેવાં જોઈએ. (3)

(2) રોડની બંને બાજુએ વૃક્ષો ઉગાડવાં જોઈએ. (2)

અ.નિ. પ્રક્રિયા અને ઘટનાઓંને સમજાવે છે.

પ્રશ્ન-4 નીચેના પ્રશ્નોના જવાબ આપો.

(1) રસ્તા પર બંધ પડેલી ટ્રકને ગતિમાં લાવવા મોટો/વધુ ધક્કો મારવો પડે છે. જયારે ટ્રક થોડી ગતિમાં આવે છે ત્યારબાદ તેને નાના/ ઓછા ધક્કા વડે વધુ ગતિમાં લાવી શકીએ છે. શા માટે ? (2)

(2) વિમાનનો આકાર બસના આકાર જેવો રાખવામાં આવતો નથી. કેમ? (3)

અ.નિ. શીખેલા વૈજ્ઞાનિક ખ્યાલોને રોજિંદા જીવનમાં લાગુ કરે છે.

પ્રશ્ન- 5 પ્રશ્નોના જવાબ આપો.

(1) તમે ફૂટબોલના ખેલાડી તરીકે મેદાનમાં રમવા સપાટ તળિયાવાળા કે તળિયામાં ખીલીઓ લગાવેલા બૂટ પહેરવાનું પસંદ કરશો ? શા માટે ? (3)

(2) ઋતુસ્રાવનાં દિવસોમાં બહેનોએ રસોઈકામ કરવું જોઈએ કે નહીં? શા માટે ? (2)

સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણઃ 8 વિજ્ઞાન ઓક્ટોબર, 2020

સમયઃ 1 કલાક કુલ ગુણઃ 25

અ.નિ. પદાર્થ અને સજીવોને તેમનાં ગુણધર્મો, રચના અને કાર્યના આધારે જુદા પાડે છે.

પ્રશ્ન- 1 નીચેના પ્રશ્નોના જવાબ આપો.

1. પ્રાણીકોષ અને વનસ્પતિકોષ એકબીજાથી કઈ રીતે જુદા પડે છે? 2
2. કોષરસ પટલ, કોષરસ અને કોષકેન્દ્ર વચ્ચેનો ભેદ સ્પષ્ટ કરો. 3

અ.નિ. શીખેલા વૈજ્ઞાનિક ખ્યાલોને રોજીંદા જીવનમાં લાગુ કરે છે.

પ્રશ્ન-2 નીચેના પ્રશ્નોના જવાબ આપો.

1. તમને બળતણ તરીકે પેટ્રોલ, ડીઝલ કે કુદરતી વાયુમાંથી પસંદગી કરવાનું કહે છે તો તમે કયું બળતણ પસંદ કરશો? કેમ? 2
2. આગનું નિયંત્રણ કરવા માટે કઈ કઈ બાબત ધ્યાને લેશો? 3

અ.નિ. પ્રક્રિયા અને ઘટનાને કારણો સાથે જોડે છે.

પ્રશ્ન-3 વૈજ્ઞાનિક કારણો આપો.

1. જીવ આરક્ષિત વિસ્તાર વનસ્પતિ અને પ્રાણીઓ માટે આશીર્વાદરૂપ છે. 2
2. વનનાબુદીના કારણે રણ નિર્માણ થાય છે. 2
3. સ્થળાંતર કરનારાં પક્ષીઓ કોઈ ચોક્કસ સમયગાળામાં પોતાનું નિવાસસ્થાન છોડી અન્ય જગ્યાએ જાય છે. 1

અ.નિ. પ્રક્રિયા અને ઘટનાઓને સમજાવે છે

પ્રશ્ન-4 નીચેનાં પ્રશ્નોના જવાબ આપો.

1. દહનના ત્રણ પ્રકાર સમજાવો. 3
2. ઘરેણાં બનાવવા માટે સોની જ્યોતના કયા ભાગનો ઉપયોગ કરે છે? શા માટે? 2

અ.નિ. પર્યાવરણનાં રક્ષણ માટે પ્રયત્ન કરે છે.

પ્રશ્ન-5 પ્રશ્નોના જવાબ આપો.

1. જંગલ બચાવવા માટે તમે શું શું કરશો? 3
2. પેટ્રોલ, ડીઝલની બચત કરવા શું કરવું જોઈએ? 2

સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણ : 8 | વિજ્ઞાન | તા. 21/01/2022

સમય : 1 કલાક | કુલ ગુણ : 25

પ્રશ્ન-1 આપેલ શબ્દને યોગ્ય વાકય સાથે જોડો. (5)

(A)	(B)
(1) અંડકોષ (Ova)	(1) હાઇડ્રામાં કલિકામાંથી નવો સજીવ ઉત્પન્ન થાય છે.
(2) યુગ્મનજ (Zygote)	(2) પ્રાણીઓ ઇંડા મૂકે છે.
(3) અપત્યપ્રસવી પ્રાણીઓ(Viviparous)	(3) અંડપિંડ માદા જન્યુઓ ઉત્પન્ન કરે છે.
(4) અંડપ્રસવી પ્રાણીઓ(Oviparous)	(4) ફલન દરમિયાન શુક્રકોષ અને અંડકોષ જોડાઇને એક થઇ જાય છે.
(5) કલિકાસર્જન (Budding)	(5) પ્રાણીઓ કે જેઓ સીધા જ બચ્ચાંને જન્મ આપે છે.

પ્રશ્ન-2 માગ્યા મુજબ જવાબ આપો.

(1) સ્નાયુબળ અને સ્થિત વિદ્યુતબળ કેવી રીતે જુદા પડે છે? (2)

(2) સંપર્કબળ અને બિનસંપર્કબળ કેવી રીતે કાર્ય કરે છે? (3)

પ્રશ્ન 3 નીચેના પ્રશ્નોના જવાબ આપો.

(1) સંતતિનું લિંગ નિશ્ચયન કેવી રીતે થાય છે? સમજાવો. (2)

(2) બળ પદાર્થની ગતિની અવસ્થા તેમજ આકાર બદલી શકે છે.- સમજાવો. (3)

પ્રશ્ન 4 નીચેના પ્રશ્નના જવાબ આપો.

(1) લોટણ (rolling friction)ઘર્ષણબળ એટલે શું? (2)

(2) દબાણનું સૂત્ર ઉદાહરણ સહિત સમજાવો. (3)

પ્રશ્ન 5 નીચેના પ્રશ્નના જવાબ આપો.

(1) રોજીંદાજીવનમાં વપરાતી વસ્તુઓમાં થતાં ઘર્ષણને ઓછું કરવા શું કરવામાં આવે છે? (2)

(2) તમે તમારા પોષણ આવશ્યક્તા સંદર્ભે કઈ- કઈ બાબતો ધ્યાનમાં રાખશો? (3)

શિક્ષક માટેઃ

પ્રશ્ન નંબર	અ.નિ.ક્રમાંક	વિધાન
1 અને 2	SC801	પદાર્થ અને સજીવોને તેમના ગુણધર્મો , રચના અને કાર્યના આધારે જુદા પાડે છે.
3 અને 4	SC805	પ્રક્રિયા અને ઘટનાઓને સમજાવે છે.
5	SC811	શીખેલા વૈજ્ઞાનિક ખ્યાલોને રોજિંદા જીવનમાં લાગુ કરે છે.

સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણ : 8 | વિજ્ઞાન | તા. 04/03/2022

સમય : 1 કલાક | કુલ ગુણ : 25

પ્રશ્ન-1(અ) નીચેનાં વિધાનો પૈકી શ્રાવ્ય ધ્વનિ માટે સાચા અને ખોટા વિધાનને અલગ કરો. (3)

(1) તે 20 કંપન પ્રતિ સેકંડ કરતા ઓછી આવૃત્તિ વાળો ધ્વનિ છે.

(2) તે 20 Hz થી 20000 Hz ની આવૃત્તિ ધરાવતો ધ્વનિ છે.

(3) તે ધ્વનિને મનુષ્યના કાન વડે પારખી શકાય છે.

પ્રશ્ન-1(બ) નીચે પૈકી વિદ્યુતના સુવાહક પ્રવાહીની લાક્ષણિકતાને અલગ કરો. (2)

(1) તે પ્રવાહી પોતાનામાંથી વિદ્યુત પ્રવાહ પસાર થવા દે છે.

(2) તે પ્રવાહી પોતાનામાંથી વિદ્યુત પ્રવાહ પસાર થવા દેતો નથી.

(3) આ પ્રકારના પ્રવાહીનો વિદ્યુત ટેસ્ટર તરીકે ઉપયોગ કરી શકાય છે.

પ્રશ્ન-2 પ્રશ્નોના જવાબ આપો.

(1) ઇલેક્ટ્રોપ્લેટિંગની પ્રક્રિયા સમજાવો. (2)

(2) પૃથ્વીની પ્લેટોનું હલનચલન થવાથી શું થાય છે? - સમજાવો. (3)

પ્રશ્ન 3 માગ્યા મુજબ જવાબ આપો.

(1) સમાન વીજભારો વચ્ચે થતી આંતરક્રિયા ઉદાહરણ દ્વારા સમજાવો. (2)

(2) નિયમિત અને અનિયમિત પરાવર્તન આકૃતિ સહ સમજાવો. (3)

પ્રશ્ન 4 પ્રશ્નોના જવાબ આપો.

(1) ચોમાસાની ઋતુમાં ગાજવીજ દરમિયાન કઇ કઇ સાવચેતીઓ રાખશો? (2)

(2) ભૂકંપ સામે રક્ષણ મેળવવા ઇમારતો બનાવતી વખતે શું સાવચેતી રાખશો? (3)

પ્રશ્ન 5 કેલિડોસ્કોપની રચના અને કાર્યપધ્ધતિ વર્ણવો (5)

શિક્ષક માટેઃ

પ્રશ્ન નંબર	અ.નિ.ક્રમાંક	વિધાન
1	SC801	પદાર્થ અને સજીવોને તેમના ગુણધર્મો , રચના અને કાર્યના આધારે જુદા પાડે છે.
2 અને 3	SC805	પ્રક્રિયા અને ઘટનાઓને સમજાવે છે.
4	SC811	શીખેલા વૈજ્ઞાનિક ખ્યાલોને રોજિંદા જીવનમાં લાગુ કરે છે.
5	SC810	પોતાની આસપાસ મળી આવતી વસ્તુનો ઉપયોગ કરી નમૂનાનું નિર્માણ કરેછે અને તેની કાર્ય પધ્ધતિ વર્ણવે છે

સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણઃ 8 | સામાજિક વિજ્ઞાન | તા. 10/12/2021

સમય: 1 કલાક | કુલ ગુણ-25

પ્રશ્ન-1 નીચે આપેલ વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી ઉત્તર લખો. **(5)**

(1) વિલિયમ કેરે સૌપ્રથમ .....રાજ્યમાં શિક્ષણ સંસ્થાની સ્થાપના કરી.

(અ) આંધ્રપ્રદેશ (બ) બંગાળ

(ક) ગુજરાત (ડ) તમિલનાડુ

(2) કઈ કોલેજની સ્થાપના દ્વારા ભારતમાં ઉચ્ચશિક્ષણની શરૂઆત થઈ?

(અ) હિંદુ કોલેજ (બ) ફોર્ટ વિલિયમ કોલેજ

(ક) સંસ્કૃત કોલેજ (ડ) મેગ્નાકાર્ટા

(3) ભારતમાં અંગ્રેજી શિક્ષણ કોના દ્વારા શરૂ કરવામાં આવ્યુ?

(અ) એલેકઝાન્ડર ડફ (બ) વિલિયમ બેન્ટિક

(ક) ડેવિડ હેર (ડ) જોનાથન ડેકન

(4) હંટર કમિશને નીચેનામાંથી કઈ ભલામણ કરી છે?

(અ) આવકનો અમુક ટકા હિસ્સો શિક્ષણ પાછળ ખર્ચ કરવો.

(બ) માતૃભાષામાં શિક્ષણ આપવું.

(ક) વિજ્ઞાન ટેક્નોલોજી અને કૌશલ્યવર્ધન શિક્ષણની વ્યવસ્થા કરવી

(ડ) ખેતીનો શિક્ષણમાં સમાવેશ કરવો.

(5) ઈ.સ.1917માં નિમાયેલ સેડલર કમિશને માધ્યમિક કક્ષાનું શિક્ષણ કઈ ભાષામાં આપવાનું નક્કી કર્યું ?

(અ) અંગ્રેજી ભાષામાં (બ) હિન્દી ભાષામાં

(ક) મરાઠી ભાષામાં (ડ) પ્રાદેશિક કે માતૃભાષામાં

પ્રશ્ન-2 નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં ઉત્તર લખો. **(5)**

(1) અંગ્રેજ ગવર્નર લોર્ડ વેલેસ્લીએ કોલકાતામાં કઈ કોલેજની સ્થાપના કરી હતી ?

(2) ગોપાલકૃષ્ણ ગોખલેએ અંગ્રેજ સરકારને કયો કાયદો ઘડવા સૂચન કર્યું ?

(3) ગાંધીજીના મત મુજબ પ્રાથમિક શિક્ષણનો અભ્યાસક્રમ કેટલા વર્ષનો રાખવો જોઈએ ?

(4) પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને આપવાનો વિચાર કયા કમિશને કર્યો ?

(5) ગુજરાતના ગોંડલમાં કન્યા વિદ્યાલયોની સ્થાપના કયા મહારાજાએ કરી હતી ?

પ્રશ્ન-3 માગ્યા મુજબ જવાબ આપો.

(1) ટૂંકનોંધ લખો: રવિન્દ્રનાથ ટાગોરના શિક્ષણ અંગેના વિચારો **(3)**

(2) સયાજીરાવ ગાયકવાડ અને તેમના પત્ની દ્વારા શિક્ષણના ફેલાવા માટે કરેલ પ્રયત્નો જણાવો. **(2)**

પ્રશ્ન-4 **નીચે આપેલ જોડકાના 'અ' વિભાગને 'બ' વિભાગ સાથે યોગ્ય રીતે જોડો.** **(5)**

અ	બ
(1) મહાત્માં ગાંધીજી	A. બાળલગ્ન એ સમાજનું સૌથી મોટું દુષણ છે
(2) ઠક્કર બાપા	B. સ્ત્રીઓ માટેના વિશ્વવિદ્યાલયની સ્થાપના
(3) કેશવચંદ્રસેન	C. અસ્પૃશ્યતા દૂર કરવાનું કાર્ય કર્યું.
(4) રાજા રામમોહનરાય	D. માનવધર્મસભાની સ્થાપના
(5) દુર્ગારામ મહેતા	E. આદિવાસી પ્રદેશોમાં આશ્રમો સ્થાપ્યા.
	F. વિધવા વિવાહ માટે પ્રયત્નો કર્યાં.

પ્રશ્ન-5 **માગ્યા મુજબ ઉત્તર લખો.**

(1) બ્રહ્મોસમાજે ભારતમાં કયાં કયાં દૂષણો દૂર કરવા પ્રવૃતિઓ કરી ? **(2)**

(2) ટૂંકનોંધ લખો: સ્વામી વિવેકાનંદનો ઉપદેશ **(3)**

શિક્ષક માટેઃ

પ્રશ્નક્રમાંક	અ.નિ. નંબર	વિધાન
1 to 3	**8.17**	**ભારતમાં નવી શિક્ષણ પદ્ધતિમાં સાંસ્કૃતિક વિશ્લેષણ કરે છે.**
4 to 5	**8.18**	**જાતિવાદ,મહિલાઓના વિધવા પુન:લગ્ન, બાળલગ્નો, સામાજિક સુધારણાઓના મુદ્દાઓ,સંસ્થાઓ માટેના સંસ્થાનવાદી વહીવટીતંત્રના કાયદાઓનું વિશ્લેષણ કરે છે.**

સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણ : 8 | **વિજ્ઞાન** | **ઓગષ્ટ : 2021**

સમય : 1 કલાક | **કુલ ગુણ : 25**

અ.નિ. પદાર્થ અને સજીવોને તેમના ગુણધર્મો , રચના અને કાર્યના આધારે જુદા પાડે છે.

પ્રશ્ન-1 **આપેલ ગુણધર્મને આધારે સંશ્લેષિત રેસાઓને ઓળખો.** **(5)**

(1) આ રેસાઓના ઉપયોગથી મજબૂત, સ્થિતિસ્થાપક, હળવા તેમજ ચમકદાર તથા સરળતાથી ધોઈ શકાય તેવાં કાપડ બનાવી શકાય છે.

(2) આ રેસાઓને લાકડાના માવા પર રાસાયણિક પ્રક્રિયા કરીને બનાવવામાં આવે છે.

(3) આ રેસાથી બનતા કાપડને પહેરવું ખૂબ અનુકૂળ છે તેમજ કાપડ જલદીથી ચોળાઈ જતું નથી અને ધોવું ખૂબ સરળ છે.

(4) આ રેસાઓથી શિયાળાના દિવસોમાં વિવિધ રંગોના સ્વેટર તથા શાલ કે ધાબળા બનાવી ઉપયોગ કરવામાં આવે છે કેમકે પ્રમાણમાં વધુ ટકાઉ તથા પરવડે તેવી કિંમત ધરાવે છે.

(5) આ રેસાઓના ઉપયોગથી વિવિધ વસ્તુઓ જેવી કે પ્લાસ્ટિક બાટલીઓ, વાસણો, પાતળી ફિલ્મ, વાયરો બનાવવામાં આવે છે.

અ.નિ. પદાર્થો અને સજીવોને તેમના ગુણધર્મો/ લાક્ષણિકતાના આધારે વર્ગીકૃત કરે છે.

પ્રશ્ન-2 (A) **નીચેની લાક્ષણિકતાઓના આધારે આપેલ પાક રવિપાક છે કે ખરીફપાક તે જણાવો.** **(2)**

(1) વરસાદની ઋતુમાં રોપવામાં આવતો પાક.

(2) શિયાળાની ઋતુમાં રોપવામાં આવતો પાક.

પ્રશ્ન-2 (B) **થર્મોસેટિંગ પ્લાસ્ટિક અને થર્મોપ્લાસ્ટિકને ગુણધર્મોને આધારે વર્ગીકરણ કરો.** **(3)**

(1) પ્લાસ્ટિક કે જે ઉષ્મા અને વિદ્યુતનું અવાહક છે

(2) પ્લાસ્ટિક કે જેને એકવાર આકારમાં ઢાળ્યા પછી તેને ગરમ કરીને નરમ કરી શકાતા નથી.

(3) પ્લાસ્ટિક કે જે ગરમ કરતાં સરળતાથી વિકૃત થઇ જાય છે કે તૂટી જાય છે.

અ.નિ. પ્રક્રિયા અને ઘટનાને કારણો સાથે જોડે છે.

પ્રશ્ન 3 **વૈજ્ઞાનિક કારણ આપો.**

(1) પાણીનો કરકસરપૂર્ણ ઉપયોગ કરવા માટે આધુનિક સિંચાઈ પદ્ધતિઓનો ઉપયોગ શા માટે કરવામાં આવે છે? **(3)**

(2) હાલની COVID-19ની પરિસ્થિતિમાં રસી મૂકાવવાનો આગ્રહ કેમ રાખવામાં આવે છે? **(2)**

અ.નિ. શીખેલા વૈજ્ઞાનિક ખ્યાલોને રોજિંદા જીવનમાં લાગુ કરે છે.

પ્રશ્ન 4 નીચેના પ્રશ્નના જવાબ આપો.

(1) ખેતરમાં પાકને ઉછેરતાં પહેલાં જમીનને કેવી રીતે તૈયાર કરશો? **(2)**

(2) હળ, ખરપિયો અને દાંતી જેવાં ખેત ઓજારોનો ઉપયોગ કઈ કઈ પરિસ્થિતિમાં કરશો? **(3)**

અ.નિ. પર્યાવરણ રક્ષણ માટે પ્રયત્ન કરે છે.

પ્રશ્ન 5 નીચેના પ્રશ્નના જવાબ આપો.

(1) કુદરતી ખાતરના ઉપયોગથી પર્યાવરણનું રક્ષણ કેવી રીતે કરી શકીએ ? **(3)**

(2) પ્લાસ્ટિકના ઉપયોગને ઓછું કરવા માટે તમે રોજિંદા જીવનમાં કેવા પ્રયત્નો કરશો? **(2)**